## જામનગર જિલ્લામાં હક્ક પત્રક નોંધોના નિકાલ કરવા બાબત

**\માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો શાં છે ?

**જવાબ**

(૧) ૪૧૬૭

(૨)

| **પાડવામાં આવેલ નોંધો** | **મંજૂર નોંધો** | **નામંજૂર નોંધો** |
|---|---|---|
| ૪૯૭૮૮ | ૪૪૭૮૬ | ૮૩૫ |

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો નીચે મુજબ છે.

૧. ઓનલાઈન વેચાણ તથા વારસાઈના કિસ્સામાં અરજદારશ્રી દ્વારા કોઇ આધાર–પુરાવા રજૂ કરેલ ન હોવાથી.
૨. ટુકડાધારાનો ભંગ થતો હોવાથી.
૩. કોર્ટ કેસ થયેલ હોવાથી.
૪. સહહિસ્સેદારોની સંમતિ રજૂ થયેલ ન હોવાથી.
૫. વારસાઈના કિસ્સામાં મરણ પ્રમાણપત્ર, પેઢીઆંબો રજૂ ન થવાથી.
૬. વેચાણ નોંધોમાં ખરીદનાર દ્વારા મુળથી ખાતેદાર હોવા અંગેના આધારો રજૂ થયેલ ન હોવાથી.
૭. વહેંચણી/ભાઈઓભાગની નોંધોમાં પુનઃવહેંચણીના કિસ્સામાં અરજદાર દ્વારા સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ થયેલ ન હોવાથી.
૮. બોજા મુક્તિના કિસ્સામાં અરજદારશ્રી દ્વારા બોજા મુક્તિનું અસલ પ્રમાણપત્ર રજૂ કરવામાં ન આવેલ હોવાના કારણે.